ક્રમિકવર્ગ / વધારાનો વર્ગ શરૂ કરવા માટે શાળામંડળનું

# સોગંદનામું – એકરારનામું

ઓનલાઈન અરજી ક્રમાંક : .........................

અમો ........................................ઉ.વ............પ્રમુખ/મંત્રી/ ટ્રસ્ટી....
.................................................................................
(કેળવણી મંડળનું નામ લખવું) આથી સોગંદ ઉપર પ્રતિજ્ઞાપૂર્વક નીચે મુજબની વિગતે જણાવી બાહેધરી આપીએ છીએ કે :–

(૧) આથી અમો જાહેર કરીએ છીએ કે, ................................................... ........................................................... શાળાની નોંધણી નોન ગ્રાન્ટેડ/ ગ્રાન્ટેડ તરીકે કાયદેસર રીતે થયેલ છે અને તેના નોંધણીપત્રની નકલ આ સાથે સામેલ છે.

(૨) અમારા મંડળ સંચાલિત ........................................................ ........................................................... શાળાને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા.............. ના પત્ર ક્રમાંક : ...................................... થી માન્યતા મળેલી છે. અને શાળા .............. તારીખથી શરૂ કરવામાં આવેલ છે. શાળામાં જુન–૨૦૨૨ ના શૈક્ષણિક વર્ષથી શરૂ કરવામાં આવનાર ધો. .......ના ક્રમિક / વધારાના ....... વર્ગ માટે શાળા મકાનમાં પૂરતા ક્ષેત્રફળવાળા જરૂરી વર્ગ ખંડોની વ્યવસ્થા શાળામંડળ પાસે છે તેમ જાહેર કરીએ છીએ. આ ઉપરાંત સૂચિત નવા વર્ગોમાં પ્રવેશ આપનાર વિદ્યાર્થી સંખ્યાને ધ્યાને લઈ, શાળામાં પૂરતી આરોગ્ય વિષયક સુવિધાઓ, પીવાના સ્વચ્છ પાણીની પુરતી જોગવાઈ, કુમાર અને કન્યાઓ માટે સેનીટેશનની પુરતી વ્યવસ્થા, ફાયર સેફટીના પુરતા સાધનો અને વિદ્યાર્થીઓની સુખાકારી તેમજ સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી અન્ય જરૂરી વ્યવસ્થાઓ ઉભી કરી છે, તેની ખાતરી આથી આપીએ છીએ.

(૩) અમો જાહેર કરીએ છીએ કે, શાળામાં અભ્યાસ કરતા હાલના વિદ્યાર્થીઓ અને સૂચિત ક્રમિક / વધારાના વર્ગમાં પ્રવેશ મેળવનાર સંભવિત વિદ્યાર્થી સંખ્યાને ધ્યાનમાં લઈ પુરતા ક્ષેત્રફળવાળા રમતગમતના મેદાનની જોગવાઈ શાળા મંડળે કરેલ છે.

આથી અમો ખાતરી આપીએ છીએ કે, વિદ્યાર્થીની સૂચિત સંખ્યાને ધ્યાનમાં લઈ તમામ વિદ્યાર્થીઓને પુરતી તાલીમ મળી રહે તેવી કોમ્પ્યુટર લેબની સુવિધા અને તમામ વિદ્યાર્થીઓ વ્યકિતગત પ્રયોગો કરી શકે તેવી પ્રયોગશાળાની વ્યવસ્થા શાળા મંડળે ઉપલબ્ધ કરાવેલ છે. વિદ્યાર્થીને પુરતી શૈક્ષણિક સુવિધા મળી રહે તે હેતુથી સરકારશ્રી અને બોર્ડ ધ્વારા ઠરાવેલ જરૂરી લાયકાતવાળા પુરતી સંખ્યામાં શૈક્ષણિક કર્મચારીઓની નિમણુંક શાળા મંડળે કરેલ છે. વધુમાં જાહેર કરીએ છીએ કે, નિયત થયેલી શૈક્ષણિક લાયકાત ધરાવતા ન હોય તેવા શૈક્ષણિક સ્ટાફના એક પણ સભ્ય વર્ગખંડમાં કે વર્ગખંડની બહાર અધ્યાપન કાર્ય કરતા નથી.

(૪) આથી અમો ખાતરી આપીએ છીએ કે, શાળા સંકુલમાં ફાયર સેફટી સહીતની વિદ્યાર્થીઓની સલામતી માટેની અન્ય જોગવાઈઓ નિયમાનુસાર કરવામાં આવેલ છે.

(૫) આથી અમો જાહેર કરીએ છીએ કે, શાળા સંકુલમાં વિદ્યાર્થીઓની સલામતીને હાની પહોચે તેવી કોઈ પ્રવૃત્તિ અથવા કાર્યવાહી કરવામાં આવતી નથી. તેમજ ભવિષ્યમાં પણ આ પ્રકારની

કોઈ પ્રવૃત્તિ કે કાર્યવાહી કરવામાં આવશે નહી અને પ્રદૂષણ ઉભુ થાય તેવી કોઈ પ્રવૃત્તિ કરવામાં આવશે નહી.

(૬) આથી અમો જાહેર કરીએ છીએ કે, રાજ્ય સરકારશ્રી નકકી કરે તેવા અને સરકારી શાળા / અનુદાનિત શાળાઓના શિક્ષકોને આપવામાં આવતા પગાર ભથ્થાથી ઓછી રકમના પગાર ભથ્થા શિક્ષકોને ચૂકવવામાં નહી આવે. તેવી બાહેધરી આપવામાં આવે છે. વધુમાં જણાવવામાં આવે છે કે શિક્ષકોને પગાર ચૂકવણી બેંક મારફતે કરવામાં આવશે.

(૭) આથી અમો ખાતરી આપીએ છીએ કે, શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફના સર્વિસ રેકર્ડ નિભાવવામાં આવશે અને તેમાં સમયાંતરે જરૂરી નોંધ કરવામાં આવશે.

(૮) આથી અમો જાહેર કરીએ છીએ કે, શાળામાં શિક્ષકોની નિમણૂંક ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અધિનિયમ–૧૯૭૨ અને તે હેઠળ બનાવવામાં આવેલા વિનિયમોની જોગવાઈ અનુસાર કરવામાં આવશે. શિક્ષકોને નિમણૂંક આપ્યા તારીખથી તેઓની સેવા પોથી નિભાવવામાં આવશે. વર્ગોના પ્રમાણમાં નિયત કરેલ સ્ટાફ કરતા ઓછો સ્ટાફ રોકીશુ નહી. તેમજ શિક્ષકને એડહોક ધોરણે નિમણૂંક આપવામાં આવશે નહી, તેની ખાતરી આપીએ છીએ.

(૯) આથી અમો જાહેર કરીએ છીએ કે અમારી શાળામાં કાયદેસર રીતે નિમાયેલ અને નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂંક વર્ગો / વિદ્યાર્થીઓની સંખ્યાના નિયત પ્રમાણમાં કરવામાં આવેલ છે અને બોર્ડ અને સરકારશ્રી આપે તેવી પરીક્ષા સહિતની કોઈપણ કામગીરીમાં નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતાં અને જરૂરિયાત મુજબના સ્ટાફને અમો મોકલીશું અને તેમાં ચૂક થશે તો, અમારી શાળાની નોંધણી રદ સહિતનાં પગલાં બોર્ડ લે તો, તે માટે અમો સંમત છીએ.

(૧૦) આથી અમો જાહેર કરીએ છીએ કે, અમારૂ કેળવણી મંડળ શાળા ચલાવવા સક્ષમ છે તેમજ તે માટે પુરતું બેંક બેલેન્સ ધરાવે છે.

(૧૧) આથી અમો ખાતરી આપીએ છીએ કે, શાળામાં ભણતા વિદ્યાર્થીઓને બાયસેગ (BISAG) ના માધ્યમથી શિક્ષણ મળી શકે તે માટે ડીસ્કની જોગવાઈ કરવામાં આવશે તેમજ વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખી ભવિષ્યમાં આ પ્રકારની અન્ય સુવિધાઓ નિયત સમય મર્યાદામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

(૧૨) આથી અમો ખાતરી આપીએ છીએ કે, શાળાના વિદ્યાર્થીઓના જનરલ રજીસ્ટર, L.C બુક અને અન્ય રજીસ્ટરો યોગ્ય રીતે નિભાવવામાં આવશે.

(૧૩) આથી અમો બાહેધરી આપીએ છીએ કે, શાળાના મકાનમાં અન્ય ટ્રસ્ટની માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળા કે અન્ય શૈક્ષણિક / બીન શૈક્ષણિક સંસ્થા ચાલતી નથી તેમજ શાળાનું મકાન શોપીંગ સેન્ટરમાં આવેલ નથી.

(૧૪) આથી અમો જાહેર કરીએ છીએ કે, શાળાના મકાન અંગે સરકારી / સક્ષમ સત્તાધિકારીશ્રી પાસેથી મકાન વપરાશ અંગેનું પ્રમાણપત્ર મળેલ છે, જેની પ્રમાણિત નકલ આ સાથે રજૂ કરેલ છે. ઉપરાંત શાળાનું મકાન નેશનલ બિલ્ડીંગ કોડની જોગવાઈઓ મુજબ બધાયેલ છે અને દર વર્ષે તેનું ઈન્સ્પેકશન કરાવી, પ્રમાણપત્ર મેળવી લેવામાં આવશે.

(૧૫) આથી અમો બાહેધરી આપીએ છીએ કે, ઉપરોકત બાબતો ઉપરાંત બોર્ડ અથવા સરકારશ્રી ઠરાવે તેવા વખતોવખતના નિયમોનુ પાલન કરવા અમો બધાયેલા છીએ. અમો વધુમાં જણાવીએ છીએ કે, આ સોગંદનામામાં અમે કોઈ ખોટી માહિતી દર્શાવી નથી અને જો તેવુ માલુમ પડે કે આ સોગંદનામામાં દર્શાવેલ કોઈપણ હકીકતો સાચી અને ખરી નથી તો મંડળ

સંચાલિત શાળાની માન્યતા રદ થવા પાત્ર બનશે અને તે સંદર્ભનો હુકમ અમોને શિરોમાન્ય રહેશે.

(૧૬) નામદાર સુપ્રિમકોર્ટે સીવીલ પીટીશન નં.૪૩૮/૦૪માં તા.૧૩/૪/૦૯ના રોજ આપેલ ચૂકાદામાં શાળાની સલામતી માટે શાળા મકાન, ફાયર સેફ્ટી, વગેરે સંબંધમાં આપેલ ગાઈડલાઈનથી અમો વાકેફ છીએ અને તે મુજબ વિદ્યાર્થીઓની સલામતી માટે જરૂરી એવી શાળામકાનની સલામતી, ફાયર સેફ્ટી, વગેરે માટે પર્યાપ્ત પગલાંઓ લીધા છે અને આ અંગે સંબંધિત સક્ષમ સત્તામંડળ / અધિકારીશ્રી પાસેથી નિયમાનુસાર મંજુરીઓ મેળવી, તકેદારીનાં પૂરતાં પગલાંઓ મંડળ લેશે અને સમયાંતરે લેવાની થતી મંજૂરીઓ, ઈન્સ્પેકશન, વગેરે નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરી, પ્રમાણપત્રો/ મંજૂરીઓ મેળવી લેવામાં આવશે, જેની ખાતરી આપીએ છીએ.

(૧૭) આથી અમો જાહેર કરીએ છીએ કે, આ સોગંદનામું કરવા માટે અમારા ટ્રસ્ટ મંડળની કારોબારી સભાએ તા................ ના ઠરાવ નં. ........... થી સત્તા આપેલ છે તે અનુસાર આ સોગંદનામુ – એકરારનામું અમોએ કોઈપણ જાતના દબાણ વિના સ્વેચ્છાથી કરી આપેલ છે.

(૧૮) નોંધાયેલી ગ્રાન્ટેડ માધ્યમિક શાળામાં ધો.૧૧નો નોન ગ્રાન્ટેડ વર્ગ શરૂ થતાં

- ગ્રાન્ટેડ શાળાના શૈક્ષણિક કે બિન શૈક્ષણિક કર્મચારીઓને નોન ગ્રાન્ટેડ શાળામાં શૈક્ષણિક કે અન્ય પ્રકારની કામગીરી સોપવામાં આવશે નહી.
- ગ્રાન્ટમાંથી વસાવેલા કોઈપણ સાધનો અથવા ભૌતિક સુવિધાઓનો ઉપયોગ નોન ગ્રાન્ટેડ શાળામાં કરવામાં આવશે નહી.
- નોન ગ્રાન્ટેડ શાળાનો કોઈપણ પ્રકારનો ખર્ચ ગ્રાન્ટેડ શાળામાં આકારવામાં આવશે નહી.
- ગ્રાન્ટેડ માધ્યમિક શાળા સાથે નોન ગ્રાન્ટેડ ઉ.મા. શાળાનો વર્ગ ચલાવવાથી ગ્રાન્ટેડ શાળાનાં વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી પડે અથવા તેની હાલની સુવિધાઓને વિપરીત અસર થાય તેવી કોઈ પરિસ્થિતિનું નિર્માણ ન થાય તેની તકેદારી રાખવાની જવાબદારી સંચાલક મંડળની રહેશે.

(૧૯) CCTV કેમેરાની રેકોર્ડીંગ સાથેની સુવિધા ઉપલબ્ધ હોવી જોઈએ.

આજરોજ તા............... ................. મુકામે સોગંદ લીધા.

| | |
|---|---|
| ..................................... | ........................... |
| ઓળખાણ આપનાર | મંડળ વતી સોગંદનામું |
| એડવોકેટ | કરનારની સહી |